### જિ.પં.ની 9, તા.પં.ની 25, ગણદેવી પાલિકાની 22 અને નવસારી પાલિકાની 2 બેઠક ભાજપના ખાતામાં



# નવસારી જિલ્લામાં ભાજપની 58 બેઠક બિનહરીફ

**પરિણામોથી** વિપક્ષી પક્ષો ખાસ કરીને કોંગ્રેસ માટે મોટો રાજકીય ઝટકો

**ગણદેવી** તાલુકામાં ભાજપનું પ્રભુત્વ વધુ મજબૂત બન્યું

**આંકડાકીય** રીતે જોવામાં આવે તો ભાજપે મતદાન પહેલાં જ જીતનો મજબૂત આધાર ઊભો કરી દીધો

નવસારી : નવસારી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2026 પહેલા જ રાજકીય ચિત્ર સ્પષ્ટ બનતું જઈ રહ્યું છે. ભાજપે સંગઠન શક્તિ અને વ્યૂહરચનાના જોરે મતદાન પહેલા જ 58 બેઠકો પર બિનહરીફ વિજય મેળવીને સમગ્ર જિલ્લામાં પોતાનો પ્રભુત્વ સાબિત કરી દીધો છે.

જિલ્લા પંચાયતની 9 બેઠકો, તાલુકા પંચાયતની 25 બેઠકો, ગણદેવી પાલિકાની 22 બેઠકો અને નવસારી પાલિકાની 2 બેઠકો ભાજપના ખાતામાં બિનહરીફ ગઈ છે. આ પરિણામોથી વિપક્ષી પક્ષો ખાસ કરીને કોંગ્રેસ માટે મોટો રાજકીય ઝટકો માનવામાં આવી રહ્યો છે.

નવસારી મહાનગરપાલિકાની કુલ 52 બેઠકોમાંથી 2 બેઠકો પર ભાજપે પહેલેથી જ જીત મેળવી લીધી છે, જ્યારે જલાલપોર તાલુકાના પનાર અને બોદાલી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આમડપોર અને મોલધરા જેવા વિસ્તારોમાં ભાજપનો વિજય રથ આગળ વધી રહ્યો છે.

ગણદેવી તાલુકામાં ભાજપનું પ્રભુત્વ વધુ મજબૂત બન્યું છે. બિગરી, દેવસર, અમલસાડ, સરીબુજરંગ અને વાઘરેચ જેવી મહત્વપૂર્ણ બેઠકો પર ભાજપે બિનહરીફ જીત મેળવી છે. ગણદેવી નગરપાલિકાની 24માંથી 22 બેઠકો બિનહરીફ જતા પાલિકા પર ભાજપનો કબજો લગભગ નક્કી થઈ ગયો છે. જોકે બાકીની 2 બેઠકો પર અપક્ષ ઉમેદવારો હોવાથી 26 એપ્રિલે મતદાન યોજાશે.

ચીખલી તાલુકા પંચાયતની પિપલગભાણ, ચીખલી, સંસેળી અને સમરોલી જેવી બેઠકો પર પણ ભાજપે મજબૂત પ્રદર્શન નોંધાવ્યું છે. આંકડાકીય રીતે જોવામાં આવે તો ભાજપે મતદાન પહેલા જ જીતનો મજબૂત આધાર ઉભો કરી દીધો છે.

### ધાકધમકી, પોલીસ કેસ અને નાણાકીય લાલચથી ફોર્મ ખેંચાયાના કોંગ્રેસના ગંભીર આક્ષેપ

બીજી તરફ, કોંગ્રેસે ગંભીર આક્ષેપો કર્યા છે. કોંગ્રેસના જણાવ્યા મુજબ ઘણા ઉમેદવારો પર ધાકધમકી, પોલીસ કેસની ભીતિ અને નાણાકીય લાલચ દ્વારા ફોર્મ પરત ખેંચાવવામાં આવ્યા છે. કોંગ્રેસે આ પરિસ્થિતિને "હોર્સ ટ્રેડિંગ" ગણાવીને ચૂંટણીની પારદર્શિતાને લઈને સવાલો ઉઠાવ્યા છે. તે છતાં વાંસદા અને ખેરગામ તાલુકામાં કોંગ્રેસે મજબૂત લડત આપવાની તૈયારી દર્શાવી છે. ધારાસભ્ય અનંત પટેલના માર્ગદર્શન હેઠળ અહીં ભાજપ સામે સીધી ટક્કર જોવા મળશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવે સૌની નજર ગુરુવારે જાહેર થનારા ભાજપના મેનિફેસ્ટો પર છે, જે આગામી ચૂંટણીના રાજકીય દિશા અને મુદ્દાઓ નક્કી કરશે.

### ચીખલી તા.પં.ની ૨૩ અને જિ.પં.ની પાંચ બેઠક પર ચૂંટણી યોજાશે

## હદ થઈ ગઈ !, કોંગ્રેસના કાર્યકારી પ્રમુખે ઉમેદવારી ખેંચી લીધી

**તાલુકામાં** આઠ પૈકી જિ.પં.ની ઘેજ, સમરોલી બાદ રૂમલાની બેઠક ભાજપ માટે બિનહરીફ થઇ

**તાલુકા** પંચાયતની ૨૮ માંથી પાંચ બેઠક પણ બિનહરીફ જાહેર થઈ

ઘેજ : ચીખલી તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કેબિનેટ મંત્રીની હોમ પીચ પરની વાંસદાની રૂમલા બેઠક પર કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ વલ્લભ દેશમુખે ઉમેદવારી પત્રક ખેંચી લેતા મોટો અપસેટ સર્જાયો હતો.

કોંગ્રેસે ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડી લીધા હતા. આ દરમ્યાન વલ્લભ દેશમુખે ગુપચુપ ઉમેદવારી પત્રક પરત ખેંચી લીધુ હતુ. આ સાથે તાલુકામાં આઠ પૈકી જિલ્લા પંચાયતની ઘેજ, સમરોલી બાદ રૂમલા બેઠક પર ભાજપના કૌશિક પટેલ સાથે ભાજપની ત્રણ બેઠક બિનહરીફ થઇ છે. તાલુકા પંચાયતની ૨૮-માંથી પાંચ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. ત્યારે હવે તાલુકા પંચાયતની ૨૩ અને જિલ્લા પંચાયતની પાંચ બેઠકો પર ચૂંટણી યોજાશે.

આ દરમ્યાન આજે ઉમેદવારી પત્રક ખેંચવાના દિવસે કોંગ્રેસના આગેવાનો જેમના પર કોઈ અવિશ્વાસ ન કરી શકે તેવા કોંગ્રેસના જુના જોગી હાલના તાલુકા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ધોલારના વલ્લભભાઈ દેશમુખે ઉમેદવારી પરત ખેંચી લીધી હતી. જેથી ભાજપના રૂમલાના કૌશિક પટેલ બિનહરીફ જાહેર થતા ભાજપના બાલુ પાડવી, દિનેશ મહાકાળ, મણીભાઈ દેશમુખ સહિતનાઓએ ફટાકડા ફોડ્યા હતા. રૂમલા કેબિનેટ મંત્રી નરેશ પટેલનું ગામ હોય હોમપિચ પર ભાજપને સફળતા મળી હતી. રૂમલા વિસ્તાર કોંગ્રેસી ધારાસભ્ય અનંત પટેલના વાંસદા વિધાનસભામાં આવતો હોય વલ્લભા દેશમુખે મેદાન છોડતા કોંગ્રેસને આંચકો લાગ્યો હતો. તાલુકામાં જિલ્લા પંચાયતની ખૂંધ બેઠક પર ભાજપના રમીલા પટેલ અને કોંગ્રેસના વીણાબેન પટેલ, કુકેરી પર ભાજપના ડો.નેહાબેન પટેલ, કોંગ્રેસના શિલાબેન સાદકપોર પર ભાજપના કૌશિકચંદ્ર અને કોંગ્રેસના યોગેશ પટેલ, જ્યારે માંડવખડક બેઠક પર ભાજપના ગીતાબેન ગાવિત, કોંગ્રેસના લતાબેન આપના ચેતનાબેન તથા વાંઝણા બેઠક પર ભાજપના નલિનભાઈ કોંગ્રેસના હેમાંગીનીબેન આપના પ્રકાશભાઇ મેદાનમાં રહેતા ત્રિપાંખીયો જંગ ખેલાશે.

### ઘણી બેઠક પર ભાજપ-કોંગ્રેસ જ્યારે ઘણી બેઠક પર ભાજપ, કોંગ્રેસ, આપ વચ્ચે જંગ જામશે

તાલુકા પંચાયતની ઘેજ, વંકાલ, આમધરા, બામણવેલ, ફડવેલ, ગોડથલ, કાંગવઇ, ખૂંધ, કુકેરી, માંડવખડક, રાનકુવા, રાનવેરી કલ્લા, રૂમલા, સાદકપોર, સારવણી, સિયાદા સહિતની બેઠકો પર ભાજપ કોંગ્રેસ વચ્ચે જ્યારે સાદડવેલ બેઠક પર ભાજપ અને આપ વચ્ચે સીધો ચૂંટણી જંગ જામશે જ્યારે આલીપોર, ચાસા, દેગામ, નોગામાં, વાંઝણા પર ભાજપ, કોંગ્રેસ અને આપ જ્યારે ઢોલુમ્બર બેઠક પર ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષ સાથે ચૂંટણીનો જંગ જામશે.

### તાલુકા પંચાયતની પાંચ બેઠક ભાજપે કબજે કરી લીધી

ચીખલીમાં કોંગ્રેસી ઉમેદવારનું ફોર્મ રદ થતા ચીખલી અને તલાવચોરા, તેજલાવ, પીપલગભણ પર કોંગ્રેસી ઉમેદવારોએ ઉમેદવારી પત્રકો પરત ખેંચતા અને સમરોલી બેઠક પર એક જ ઉમેદવારી પત્રક આવતા પંચાયતની આ પાંચ બેઠકો ભાજપે કબ્જે કરી લીધી છે. સમરોલી જિલ્લા પંચાયત પર પણ કોંગ્રેસી ઉમેદવારે ઉમેદવારી પત્રક પરત ખેંચી લીધું હતું. ભાજપની ઉપરોક્ત ગતિવિધિથી સતર્ક થયેલા કોંગ્રેસે તે દિવસે રાત્રેથી જ તેમના ઉમેદવારોને સલામત સ્થળે ખસેડી લીધા હતા.

### પીપલગભણ બેઠક ભાજપે આંચકી લીધી

ચીખલી તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં તાલુકા કોંગ્રેસના પ્રમુખ આઈ સી પટેલના વિસ્તારની તાલુકા પંચાયતની પીપલગભણ બેઠક ચૂંટણી પૂર્વે જ ભાજપે આંચકી લેતા કોંગ્રેસના નેતુત્વ સામે અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. પીપલગભણ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે ચકાસણીના દિવસે જ ઉમેદવારી પત્રક પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર બિનહરીફ થયા છે. આમ પોતામાં વિસ્તારની બેઠક ચૂંટણી પૂર્વે જ ગુમાવી દેનાર કોંગ્રેસના નેતા તાલુકાનું નેતુત્વ કેવી રીતે કરી શકશે તેવા સવાલો ઉભા થવા પામ્યા છે.

## ગણદેવી પાલિકાને સમરસ કરવાના ભાજપના તમામ પ્રયત્ન નિષ્ફળ

**પાલિકાની** ચૂંટણીમાં ભાજપ ૨૨ બેઠક ઉપર બિનહરીફ, એક અપક્ષે વોર્ડ-૧ અને ૪ માં ઉમેદવારી અકબંધ રાખી

**વોર્ડ** નં.૧ માં અપક્ષ જયેશ ઢીમ્મર હવે ભાજપનાં રાજેશ પટેલ અને વોર્ડ નં.૪ માં નિલેશ શર્માને ટક્કર આપશે

### વોર્ડ વાઇસ સ્થિતી

ભાજપ વોર્ડ નં.૧માં ત્રણ, વોર્ડ નં. ૨માં ચારેય, વોર્ડ નં. ૩માં ચારેય, વોર્ડ નં. ૪માં ત્રણ, વોર્ડ નં. ૫માં ચારેય અને વોર્ડ નં. ૬માં ચારેય ઉમેદવારો બિનહરીફ રહ્યો છે. આમ પાલિકાની ૨૪ બેઠકો પૈકી ૨૨ બેઠકો ઉપર ભાજપ બિનહરીફ રહેતા ફરી સત્તામાં વાપસી કરી છે. પાલિકાની ચૂંટણી સમરસ બનાવવાનાં ભાજપનાં પ્રયાસો એક અપક્ષે વિફળ બનાવ્યા છે.

### અપક્ષના ઉમેદવારે વોર્ડ નં.૧ અને ૪ બંનેમાંથી ઉમેદવારી નોંધાવી

અપક્ષના ઉમેદવાર જયેશભાઈ હરજીવનદાસ ઢીમ્મરે વોર્ડ નંબર ૧ અને વોર્ડ નંબર ૪ બંનેમાંથી પોતાની અપેક્ષ ઉમેદવારી નોંધાવી હતી. જેઓ છેલ્લે સુધી ટસથી મસ નં થતા પોતાની બંને વોર્ડમાં દાવેદારી ચાલુ રાખતા હવે ભાજપના ઉમેદવારો સાથે તેમની સીધી ટક્કર થશે.

બીલીમોરા : બુધવારે ગણદેવી નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પરત ખેંચવાનાં અંતિમ દિવસે ચિત્ર સ્પષ્ટ થયું હતું. વોર્ડ નંબર -૬ નાં અપક્ષ અશોકકુમાર ઢીમ્મરે ઉમેદવારી પરત ખેંચી લીધી હતી. જેને પગલે પાલિકાનાં ૬ વોર્ડની ૨૪ બેઠકો પૈકી ૨૨ બેઠકો ઉપર ભાજપ બિનહરીફ રહેતા ફરી એકવાર સત્તા હસ્તગત કરી છે. તેમ છતાં વોર્ડ નં.૧ માં અપક્ષ જયેશભાઇ ઢીમ્મર હવે ભાજપનાં રાજેશ પટેલ (રાજુ વકીલ) અને વોર્ડ નં.૪ માં નિલેશ શર્માને ટક્કર આપશે. જેને કારણે ઉપરોક્ત બે વોર્ડમાં એક-એક બેઠક ઉપર ચૂંટણી યોજાશે. ગણદેવી નગરપાલિકાને સમરસ કરાવા ભાજપના તમામ પ્રયત્ન નિષ્ફળ રહ્યા છે.

બુધવારે ઉમેદવારી પરત ખેંચવાનાં અંતિમ દિવસે ચીખલી પ્રાંત અને ચૂંટણી અધિકાર સમક્ષ વોર્ડ નં. ૬ નાં અપક્ષ ઉમેદવાર અશોકકુમાર કેશવલાલ ઢીમ્મરે ઉમેદવારી પરત ખેંચી લીધી હતી. જેને પગલે ભાજપનાં કેયુર કુલીનચંદ્ર વશી બિનહરીફ થયા હતા. બીજી તરફ વોર્ડ ૧ અને વોર્ડ ૪ માં એકમાત્ર અપક્ષ ઉમેદવાર જયેશભાઇ હરજીવનદાસ ઢીમ્મરે પોતાની ઉમેદવારી ચાલુ રાખી હતી.

### નવસારીમાં EVM મુદ્દે રાજકીય તોફાન

નવસારી : નવસારી મહાનગરપાલિકાની ચૂંટણી પહેલાં ઈવીએમ (EVM) મશીનો રાખવાના સ્થળને લઈને તાજો વિવાદ ઊભો થતાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આરોપ-પ્રત્યારોપનો સિલસિલો શરૂ થયો છે. શહેરની અગ્રવાલ કોલેજ ખાતે ચૂંટણી માટેના EVM મશીનો રાખવામાં આવ્યા છે. આ કોલેજના ટ્રસ્ટી મુકેશ અગ્રવાલ વોર્ડ નંબર 5માંથી ભાજપના ઉમેદવાર હોવાને કારણે કોંગ્રેસે વાંધો નોંધાવ્યો છે. કોંગ્રેસનું કહેવું છે કે, ચૂંટણી સાથે સીધો સંબંધ ધરાવતા ઉમેદવારની સંસ્થા ખાતે EVM રાખવામાં આવવું નિષ્પક્ષતા પર પ્રશ્નો ઊભા કરે છે. વોર્ડ નંબર 6ના કોંગ્રેસ ઉમેદવાર પિયુષ ધીમ્મરે આ મામલે રિટર્નિંગ ઓફિસર અને ડેપ્યુટી ડીડીઓ સમક્ષ રજૂઆત કરીને આ વ્યવસ્થાને આચાર સંહિતાનો ભંગ ગણાવ્યો છે. ચૂંટણી તંત્રે આ આક્ષેપોને નકારતા સ્પષ્ટતા કરી છે કે સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને સુરક્ષિત છે. અધિકારીઓએ જણાવ્યું કે, EVM રાખેલા સ્થળે 24 કલાક CCTV દેખરેખ છે અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

### ગણદેવીની જિલ્લા- તાલુકાની ૫૦ ટકા બેઠક ઉપર ભાજપનો કબજો

બીલીમોરા: ગણદેવી તાલુકામાં બુધવારે ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયું હતું. ગણદેવી તાલુકામાં જિલ્લા અને તાલુકાની ૫૦ ટકા બેઠક એટલે કે જિલ્લાની ૬ પૈકી ૩ અને તાલુકા પંચાયતની ૨૪ પૈકી ૧૨ બેઠક ઉપર ભાજપ બિનહરીફ રહ્યો હતો. હવે તાલુકાની બાકી રહેતી ૧૨ બેઠક ઉપર ભાજપના ૧૨, કોંગ્રેસના ૧૦, આમ આદમી પાર્ટીના ૬ અને બે અપક્ષ મળી કુલ 30 ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ જામશે. જ્યારે તાલુકામાં સમાવિષ્ટ ૬ જિલ્લા પંચાયતની બેઠકો પૈકી ભાજપ 3 ઉપર બિનહરીફ અને બાકી રહેતી ત્રણ બેઠકમાં ભાજપના 3, કોંગ્રેસના 3 અને આપના બે મળી ૮ ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ જામશે. ગણદેવી તાલુકામાં સમાવિષ્ટ જિલ્લા પંચાયતની અમલસાડ બેઠક ઉપર ભાજપની નિરાલી નિલેશભાઇ નાયક બુધવારે બિનહરીફ બની હતી. આ અગાઉ ભાજપના ઉમેદવાર દેવસર અને બીગરી બેઠક બિનહરીફ રહ્યા હતા. હવે સરીબુજરંગ જિલ્લા પંચાયત ઉપર કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધી ટક્કર અને કછોલી તેમજ ગણદેવામાં આપ મળી ત્રિપાંખીયો જંગ જામશે. જ્યારે ગણદેવી તાલુકા પંચાયતની ૧૨ બેઠક બિનહરીફ રહી છે, જેમાં બીગરી -૧ અને બીગરી-૨, દેવસર-૧ અને દેવસર-૨, માસા, અજરાઈ, ભાઠા, સરીબુજરંગ-૧ અને સરીબુજરંગ-૨, વાઘરેચ, ધકવાડા અને મેંધર બેઠકો ઉપર ભાજપનો બિનહરીફ ભગવો લહેરાયો છે.

### ડાંગ જિ.પં.ની 18 અને તાલુકા પંચાયતની 47 બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે ટક્કર

## કલમવિહીર બેઠક પર ભાજપ બિનહરીફ

**કોંગ્રેસ** ઉમેદવારે અંતિમ દિવસે ફોર્મ પરત ખેંચાતા ભાજપને ફાયદો

**જિલ્લા** પંચાયત ભવન ખાતે ભાજપા-કોંગ્રેસ વચ્ચે હાઈવોલ્ટેજ ડ્રામા



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લા પંચાયતની કુલ 18 બેઠકો અને તાલુકા પંચાયતની કુલ 48 બેઠકોમાંથી એક બેઠક બિનહરીફ જાહેર થતા બાકીની 47 બેઠકો પર ભાજપા અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર જોવા મળી રહી છે. આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ હોવા કારણે જિલ્લા પંચાયત ભવન ખાતે ભારે રાજકીય ચહલપહલ જોવા મળી હતી. આ દરમિયાન આહવા તાલુકા પંચાયતની કલમવિહીર બેઠક પર નાટકીય વળાંક આવ્યો હતો. કલમવિહીર બેઠક માટે ભાજપ તરફથી સુનિતાબેન રાજેશભાઈ ગાવીત અને કૉંગ્રેસ તરફથી હિનાબેન સંતોષભાઈ ચૌધરીએ ઉમેદવારી નોંધાવી હતી. જોકે અંતિમ દિવસે કૉંગ્રેસનાં ઉમેદવાર હિનાબેન ચૌધરીએ પોતાનું ફોર્મ પરત ખેંચી લેતા રાજકીય ચર્ચાઓ તેજ બની ગઈ હતી. આ પરિસ્થિતિમાં ભાજપા ઉમેદવાર સુનિતા ગાવીત બિનહરીફ જાહેર થતા ભાજપા ખેમામાં ખુશીની લહેર ફરી વળી હતી. ડાંગ જિલ્લા ભાજપા પ્રમુખ કિશોર ગાવીત, સંગઠન પ્રભારી રાજેશ દેસાઈ તથા ધારાસભ્ય વિજય પટેલના નેતૃત્વ હેઠળ ભાજપાને આ બેઠક બિનહરીફ મેળવવામાં મહત્વપૂર્ણ સફળતા મળી હોવાનું માનવામાં આવી રહ્યું છે. ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા દરમિયાન જિલ્લા પંચાયત ભવન ખાતે ભાજપા અને કૉંગ્રેસ કાર્યકરો વચ્ચે હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાતા વાતાવરણ તંગ બન્યું હતું. પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી. ડાંગ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં હવે બાકી રહેલી બેઠકો પર ભાજપા અને કૉંગ્રેસ વચ્ચે કડક ટક્કર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ડાંગ જિ.પં.ની ૧૮ માટે ૫૨ અને ત્રણ તા.પં.ની ૪૮ માટે ૧૧૬ ઉમેદવારની ચૂંટણી યોજાશે

સાપુતારા : ડાંગ જિલ્લામાં આગામી તા. ૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન, અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મત ગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ ચૂંટણી માટે આજ તારીખ ૧૫મી એપ્રિલના રોજ નામાંકન પત્રો પાછા ખેંચવાના દિવસે જિલ્લાના કુલ ૩ અને ત્રણેય તાલુકા પંચાયતના કુલ ૨ ઉમેદવારી પત્રો પાછા ખેંચવામાં આવ્યા હતા. જિલ્લા ચૂંટણી તંત્ર પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર ડાંગ જિલ્લા પંચાયતની કુલ ૧૮ બેઠકો માટે ૫૨ (બાવન) ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. તેમજ આહવા તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકો માટે ૩૨ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. તો વઘઈ તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકો માટે ૪૦ ઉમેદવારો વચ્ચે, અને સુબીર તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકો માટે ૪૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે.

## ઉમરગામ તા.પં. માટે 102-જિ.પં.ની 21 ઉમેદવાર મેદાનમાં

**જિલ્લા** પંચાયતની મોહનગામ બેઠક ઉપર ભાજપના ઉમેદવાર રેશ્મા પટેલ બિનહરીફ



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકા પંચાયતની 30 બેઠકો માટે 102 અને જિલ્લા પંચાયતની 7 બેઠકો માટે 21 ઉમેદવારો મેદાનમાં છે. જિલ્લા પંચાયતની મોહનગામ બેઠક ઉપર ભાજપના ઉમેદવાર રેશ્મા પટેલ બિનહરીફ બન્યા છે. ટિકિટ ન મળતા નારાજ ઉમરગામ તા.પંચાયતના માજી પ્રમુખ રમેશ ધાંગડાએ અપક્ષ ઉમેદવારી પરત ખેંચી લીધી છે. ડેહલી બેઠક ઉપર કોંગ્રેસમાંથી જયેશ બરફ, ભાજપના શૈલેષ પટેલ અને સુરેશ વાડુ અપક્ષ, ખતલવાડા બેઠક પર કોંગ્રેસના અનિતા માછી અને ભાજપના ભાવિની માંછી વચ્ચે ચૂંટણી જંગ જામશે. સંજાણ પર કોંગ્રેસના ગોદરેજ પંથકી અને ભાજપના નરેશ પરમાર, આપ માંથી મિન્ટુ જેસવાર અને અપક્ષ તરીકે પીનલ પટેલ મેદાનમાં છે. સોળસુંબા બેઠક ઉપર કોંગ્રેસના રીટા સુરતી અને ભાજપના વંદના માહ્યાવંશી અને અપક્ષ ઉમેદવાર શીતલ માહ્યાવંશી, મરોલી જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપના નવીન હળપતિ અને મહેન્દ્ર હળપતિ અપક્ષ ઉમેદવાર, ફણસા બેઠક ઉપર આપમાંથી જીતેશ દુબળા, ભાજપમાંથી રામદાસ વરઠા અને અપક્ષ ચિંતુભાઈ દુબળા, સરીગામ બેઠક ઉપર આપમાંથી અનીસ્તા રામલખન ચૌહાણ, ભાજપમાંથી વિનિતા રાય, કોંગ્રેસમાંથી મયુરી પટેલ અને અપક્ષ નુતન ભંડારી ચૂંટણી લડી રહ્યા છે. ધારાસભ્ય રમણ પાટકર, પ્રમુખ ડો.નીરવ શાહ, મુકેશ પટેલ, આનંદ શાહ, યજ્ઞેશ પટેલના પ્રયાસોથી મોહનગામ બેઠક ભાજપના ફાળે ગઈ છે.

## પારડી તા.પં. માટે ભાજપ-કોંગ્રેસ-આપ વચ્ચે જંગ

પારડી : પારડી તાલુકા પંચાયતની 22 અને જિલ્લા પંચાયતની 4 બેઠક ઉમરસાડી, ટુકવાડા, સુખેશ, પરીયા માટે મામલતદાર કચેરીમાં અધિકારી કિરણસિંહ રાણા અને આસ્થા સોલંકી તથા તાલુકા પંચાયતમાં ચૂંટણી અધિકારી એસ.વી. ભગોરા સમક્ષ ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાં. જેમાં રાજકીય પક્ષમાં 2 બહેનો સામસામી ચૂંટણી જંગમાં મેદાને ઉતર્યા છે. જેમાં જિ.પં.ની ટુકવાડા બેઠક પર ભાજપ તરફે સોનલબેન રવિન્દ્ર પટેલ અને પારડી તા.પં.ની બેઠક પર કોંગ્રેસ તરફે માલતી યોગેશ પટેલે ફોર્મ ભર્યું છે. આજરોજ ફોર્મ પરત ખેંચવાના દિવસે જિ.પં. ની પારડીની 4 બેઠક પર ભાજપના 4, કોંગ્રેસના 4, આપના 3 જેમાં ટુકવાડા બેઠક પર આપ પાર્ટીએ ફોર્મ ભર્યું ન હતું. ત્યારે કુલ મળી 11 ફોર્મ ભરાયા હતાં. જ્યારે પારડી તા.પં. ની 22 બેઠક પર ભાજપના 22, કોંગ્રેસના 21 જેમાં સુખેશ બેઠક પર 1 ફોર્મ ભદ્રેશ વસંતભાઈ પટેલે પરત ખેંચી લેતા સુખેશ બેઠક તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલના ગઢમાં ભાજપની 100 ટકા જીત નિશ્ચિત હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમજ આપના 10 અને અપક્ષના 1 ફોર્મ મળી કુલ 54 ઉમેદવારો મેદાને ઉતર્યા છે. ત્યારે પારડી તાલુકામાં 22 બેઠકો માટે આમ આદમી પાર્ટીના માત્ર 10 ઉમેદવારોના ફોર્મ ભરાયા હતા.

Federal Bank

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

માનનીય એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, માંગરોળ, જીલ્લો - સુરત, તા. ૦૫.૦૩.૨૦૨૬ ના રોજ ઓર્ડર નં. CRMA ૭૩/૨૦૨૬ મુજબ પ્રત્યક્ષ કબજો

આથી, **ફેડરલ બેંક લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત તા. **૩૦/૦૬/૨૦૨૫** ના રોજ ઉધારકર્તાઓ / સહ - અરજદારો / કાયદેસરના વારસદારો : **(૧). શ્રી લીંબાણી હરેશભાઈ S/o જીવરાજ લીંબાણી @ જીવરાજભાઈ લીંબાણી, (એ).** ફ્લેટ નં. ૨૦૩, બીજો માળ, વ્હાઈટ પેલેસ, ઉત્રાણ પાવર હાઉસ, મોટા વરાછા, સુરત, ગુજરાત - ૩૯૪૧૦૧, **(બી).** બી/૧૦, ૧૧, રૂપાલી સોસાયટી, પી પી સવાણી સ્કુલ, સુરત સીટી, સુરત, વરાછા રોડ, ગુજરાત - ૩૯૫૦૦૬, **(૨). શ્રીમતી લીંબાણી હેતલબેન હરેશભાઈ W/o લીબાણી હરેશભાઈ, (એ).** ફ્લેટ નં. ૨૦૩, બીજો માળ, વ્હાઈટ પેલેસ, ઉત્રાણ પાવર હાઉસ, મોટા વરાછા, સુરત, ગુજરાત - ૩૯૪૧૦૧, **(બી).** બી/૧૦, ૧૧, રૂપાલી સોસાયટી, પી પી સવાણી સ્કુલ, સુરત સીટી, સુરત, વરાછા રોડ, ગુજરાત - ૩૯૫૦૦૬, નીચે મુજબ નોટીસમાં દર્શાવેલ રકમ, જે બેંકની **કુંભારીયા શાખા** માં જાળવવામાં આવેલા ખાતાઓમાં તમારી પાસેથી સંયુકત રીતે અને અલગ અલગ રીતે બાકી છે, તે નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નીચે જણાવેલ રકમ ચુકવવા જણાવેલ હતું.

| લોન એકાઉન્ટ | બાકી લ્હેંણી રકમ |
|---|---|
| ફેડરલ હાઉસીંગ લોન (૨૦૬૩૭૩૦૦૦૦૦૭૬૨) | રૂા. ૬,૪૬,૪૨૬/- (રૂા. છ લાખ છેત્તાલીસ હજાર ચારસો છવ્વીસ પુરા) તા. ૨૨.૦૬.૨૦૨૫ ના સુધી |
| હોમ પ્લસ ટોપ અપ ઈકિવીટી લોન (૨૦૬૩૭૬૦૦૦૦૨૧૭૯) | રૂા. ૨,૪૦,૮૩૮/- (રૂા. બે લાખ ચાલીસ હજાર આઠસો આડત્રીસ પુરા) તા. ૨૨.૦૬.૨૦૨૫ ના સુધી |
| કુલ - રૂા. ૮,૮૭,૨૬૪/- | |

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૨.૦૪.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે. "સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓ / સહ - અરજદાર / કાયદેસરના વારસદારોનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો). ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમીટેડ** ની બાકી રકમ **રૂા. ૯,૩૬,૬૧૩/- (રૂા. નવ લાખ છત્રીસ હજાર છસ્સો તેર પુરા)** નીચે જણાવ્યા મુજબ બોજાને આધિન રહેશે.

| લોન એકાઉન્ટ | તા. ૧૨.૦૪.૨૦૨૬ ના સુધી બાકી લ્હેંણી રકમ |
|---|---|
| ફેડરલ હાઉસીંગ લોન (૨૦૬૩૭૩૦૦૦૦૦૭૬૨) | રૂા. ૬,૯૧,૫૦૩/- (રૂા. છ લાખ એકાણું હજાર પાંચસો ત્રણ પુરા) |
| હોમ પ્લસ ટોપ અપ ઈકિવીટી લોન (૨૦૬૩૭૬૦૦૦૦૨૧૭૯) | રૂા. ૨,૪૫,૧૧૦/- (રૂા. બે લાખ પિસ્તાલીસ હજાર એકસો દસ પુરા) |
| કુલ - રૂા. ૯,૩૬,૬૧૩/- | |

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો ફ્લેટ નં. એ/૩૦૨, ક્ષેત્રફળ ૧૨૦૦ સ્કે.મી., સ્તવન રેસીડેન્સી એપાર્ટમેન્ટ, તમામ સુવિધાઓ સાથે, આર.એસ. નં. ૬૪૯ અને ૬૫૦, ગામ - તરસાડી, તાલુકો - માંગરોળ, સુરત, રાજય - ગુજરાત - ૩૬૨૨૨૫. **ચતુઃસીમા :- પૂર્વે :** ખુલ્લો એરીયા, **પશ્ચિમે :** સોસાયટી રોડ, **ઉત્તરે :** બિલ્ડીંગ નં. બી, **દક્ષિણે :** રોડ.

તારીખ : ૧૨.૦૪.૨૦૨૬, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, ફેડકલ બેંક લિમીટેડ

Federal Bank

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

માનનીય એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, કઠોર, જીલ્લો - સુરત, તા. ૨૪.૦૨.૨૦૨૬ ના રોજ ઓર્ડર નં. CRMA ૨૬૨૬/૨૦૨૫ મુજબ પ્રત્યક્ષ કબજો

આથી, **ફેડરલ બેંક લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એક્ટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત તા. **૨૦.૦૯.૨૦૨૪**ના રોજ ઉધારકર્તાઓ **(૧). શ્રીમતી નયનાબેન અજયભાઈ પરમાર @ પરમાર નયનાબેન અજયકુમાર W/o અજયકુમાર પરમાર,** બંગ્લોઝ નં. ૧, નિરવ પાર્ક સોસાયટી, આકાશ ગંગા સોસાયટીની પાછળ, આઈસીઆઈસીઆઈ બેંક ની પાસે, સેવાશ્રમ રોડ, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧, **(૨). શ્રી અજયકુમાર પરમાર @ અજયકુમાર ધનસુખભાઈ પરમાર D/o ડી પી પરમાર @ ધનસુખભાઈ,** બંગ્લોઝ નં. ૧, નિરવ પાર્ક સોસાયટી, આકાશ ગંગા સોસાયટીની પાછળ, આઈસીઆઈસીઆઈ બેંક ની પાસે, સેવાશ્રમ રોડ, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧, ને નીચે મુજબ નોટીસમાં દર્શાવેલ રકમ, જે બેંકની **ભરૂચ શાખા** માં જાળવવામાં આવેલા ખાતાઓમાં તમારી પાસેથી સંયુકત રીતે અને અલગ અલગ રીતે બાકી છે, તે નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નીચે જણાવેલ રકમ ચુકવવા જણાવેલ હતું.

| લોન એકાઉન્ટ અને નંબર | બાકી રકમ |
|---|---|
| FHS Loan (14707300001934) | રૂા. ૮,૪૮,૯૭૨/-, તા. ૦૮.૦૯.૨૦૨૪ સુધી |
| હોમ પ્લસ પ્રોપર્ટી પાવર લોન (14707600000354) | રૂા. ૩,૨૭,૧૮૮/-, તા. ૦૧.૦૯.૨૦૨૪ સુધી |
| કુલ | રૂા. ૧૧,૭૬,૧૬૦/- |

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૨.૦૪.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે. "સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓ / સહ - અરજદાર / કાયદેસરના વારસદારોનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો). ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમીટેડ** ની બાકી રકમ **રૂા. ૧૪,૬૦,૯૫૩/- (રૂા. ચૌદ લાખ સાહીઠ હજાર નવસો ત્રેપન પુરા)** નીચે જણાવ્યા મુજબ બોજાને આધિન રહેશે.

| લોન એકાઉન્ટ અને નંબર | તા. ૧૨/૦૪/૨૦૨૬ થી બાકી રકમ |
|---|---|
| FHS Loan (14707300001934) | રૂા. ૧૦,૨૮,૩૪૬/- |
| હોમ પ્લસ પ્રોપર્ટી પાવર લોન (14707600000354) | રૂા. ૪,૩૨,૬૦૭/- |
| કુલ | રૂા. ૧૪,૬૦,૯૫૩/- |

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેનો ફ્લેટ નં. ૨૦૫, સુપર બિલ્ટ અપ એરીયાનું આશરે ક્ષેત્રફળ ૯૧૬.૪૫ સ્કે. ફીટ. એટલે કે ૮૫.૧૪ સ્કે.મી. અને બિલ્ટ અપ એરીયાનું આશરે ક્ષેત્રફળ ૫૯૨.૬૬ સ્કે. ફીટ. એટલે કે ૫૫.૦૬ સ્કે.મી., બીજો માળ, બિલ્ડીંગ નં. સી-૧૫, અવિભાજીત હકક અને હિસ્સા સાથેની જમીન, માનસરોવર રેસીડેન્સી ના નામનો અને જાણીતી બિલ્ડીંગનું કોમ્પ્લેક્ષ, બાંધકામ કરેલ જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૫૦/એ, આર.એસ. નં. ૬૮૩, મોજે ગામ - કઠોર, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત. **ચતુઃસીમા :- પૂર્વે :** સોસાયટી રોડ, **પશ્ચિમે :** ડી-૨૩, **ઉત્તરે :** સીઓપી ની મિલકત, **દક્ષિણે :** સી-૧૯.

તારીખ : ૧૨.૦૪.૨૦૨૬
સ્થળ : સુરત
અધિકૃત અધિકારી, ફેડકલ બેંક લિમીટેડ